# SHRI PATIDAR SEVA SAMAJ

TRUST REGD. NO. A-2689 (BOM) DT. 25-11-1964 REGISTERED UNDER BOMBAY PUBLIC ACT 1950

Sant Gyaneshwar Road, Veer Savarkar Nagar, Opp. S.T. Depot, Near Nancy Colony, Borivali (E), Mumbai - 400 066. • Mob.: 9321907770 • Email : borivali@skpss.org

Navyug Niwas, 4th Floor, Lamington Rd, Opp. Minerva Cinema, Mumbai - 400 007. • Mob.: 9321907773 • Tel.: 2307 7047, 2309 1902.

Naya Road, Near Bus Stand, Near Vandana Hotel, Nathdwara - 313301. Rajasthan • Mob.: 93219 07774 • Tel.: 02953 232681 / 02953 296681

Plot No. 166, CST No. 28/166, Near Lohana Sanitorium, Tungarli Maval, Lonavala - 410401. Maharashtra • Mob.: 93219 07775 • Tel.: 02114 29963


તા. ૨૫-૧૨-૨૦૨૪

## વેવિશાળ પરિચય સમારોહ-૨૦૨૫

શ્રી સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી પાટીદાર સેવા સમાજ સગપણ માહિતી કેન્દ્ર તરફથી જાણ કરતા આનંદ થાય છે કે આપણા સમાજના જ્ઞાતિજનોના લાભાર્થે **વેવિશાળ પરિચય સમારોહ તા. ૩૦-૦૩-૨૦૨૫** ને રવિવાર ના રોજ સવારના ૯.૦૦ થી ૫.૦૦ કલાકે બોરીવલી સંકુલમાં આયોજીત કરવામાં આવેલ છે. ઉપરોક્ત સમારંભમાં આપના કે આપના સંબંધીઓના પરિવારમાંથી દીકરા-દીકરી માટે આપશ્રી ભાગ લેવાની ઈચ્છા ધરાવતા હો, તો આ સાથે મોકલાવેલ ફોર્મમાં સંપુર્ણ વિગત ફોટો સાથે ભરીને **તા. ૦૧-૦૩-૨૦૨૫** સુધીમાં બોરીવલી સંકુલમાં મોકલાવી આપવા નમ્ર વિનંતી.

## સમારંભ માટેના સૂચના અને નિયમો

૧) આપના તરફથી આવેલ ઉમેદવારના ફોર્મ (બાયોડેટા)ની વ્યવસ્થિત વિગતોની એક બુકલેટ બનાવવામાં આવશે જેમાં દરેક ઉમેદવારના આવેલ ફોર્મની માહિતી હશે.

૨) સમારંભમાં લગ્નોત્સુક ઉમેદવાર અને તેની સાથે ફક્ત બે વાલીને પ્રવેશ આપવામાં આવશે, વાલી તરીકે ઘરના કે અંગત સગા-સંબંધીને પ્રવેશ મળશે એકલા ઉમેદવાર કે એકલા વાલીને પ્રવેશ મળશે નહિ.

૩) ઉમેદવારો અને સાથે આવેલા વાલીઓ માટે જમણવારનું અને રહેવાની સગવડતાનું આયોજન કરેલ છે.

૪) તા. ૦૧-૦૩-૨૦૨૫ સુધીમાં આવેલ ઉમેદવારના ફોર્મની વિગેતો જ બુકલેટમાં સમાવેશ કરવામાં આવશે.

૫) આપનું ફોર્મ બોરીવલી સંકુલમાં સમયસર મળેલુ છે કે નહિં તેની ખાત્રી તમારે ફોનથી અથવા રૂબરૂ કરી લેવા વિનંતી.

૬) હાલમાં હાલમાં મુંબઈ થી સૌરાષ્ટ્ર - દક્ષિણ ગુજરાત સુધી તથા દક્ષિણના બધા રાજયોનો આ સમારંભમાં સમાવેશ કરવાનું આયોજન છે.

૭) આપના અંગત-નજીકના સગા-સંબંધીને આ માહિતી ના મળી હોય અને તેઓ રસ ધરાવતા હોય તેઓ આ ફોર્મની ઝેરોક્ષ કરાવીને સંપુર્ણ વિગત ભરીને ફોટો સાથે મોકલાવી શકે છો.

**ખાસ નોંધ :-** આપશ્રીને વિનંતી સાથે જણાવવાનું કે વાલી તથા ઉમેદવાર સમારંભમાં હાજર રહેશો કે નહિં તે રૂબરૂ અથવા ફોન દ્વારા બોરીવલી સમાજે તા. ૨૦-૩-૨૦૨૫ સુધીમાં જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સરળતા રહે. બહારગામના ઉમેદવારો ઈ-મેલ થી બાયોડેટા મોકલાવી શકે છે.

લી.

**શ્રી પાટીદાર સેવા સમાજ મુંબઈ**

સગપણ માહિતી સમિતિ

-: પાછળ :-

# વેવિશાળ પરિચય મિલન પ્રસંગે નમ્ર નિવેદન

**આટલું જરૂર કરવુ....**

- સંકોચ અને સામાજીક ડર છોડી, પરિવર્તન અપનાવીને સંમેલન યોજાય ત્યારે નામ નોંધાવી ઉમંગભેર ભાગ લેવો.
- સંતાન ઉંમર વટાવે તે પહેલા વાલીએ જાગૃત થઈ સમયસર પાત્રની પસંદગી કરી લેવી હિતાવહ છે. સ્થિતિ પ્રમાણે રહેઠાણની જગ્યા સમય જતા બદલી શકે છે.
- તનના દેખાવ કરતા તેમનું સૌજન્ય અને તેની આવડત તરફ ધ્યાન આપવું જોઈએ.
- સ્વતંત્ર ધંધાવાળા યુવકના ભણતર તરફ ના જોતા દીકરીના ભવિષ્ય માટે ઉજ્જવળ તકો રહેલી છે.
- યુવકના ઘર વૈભવ કરતા તેને સંસ્કાર તેમજ તેના પરિવારની ખાનદાનીને મહત્વ આપશો.
- સારા-નરસા પાત્રની પસંદગીમાં લાંબો સમય પસાર ના થઈ જાય તે ધ્યાનમાં રાખશો.
- પાંચ-દસ યોગ્ય ઠેકાણા જોઈ તેમાંથી કોઈ એક સુયોગ્ય પાત્રની પસંદગી કરી લેવી હિતાવહ છે.
- વધારે પાત્ર જોવાની અપેક્ષા રાખશો તો વય વધતી જશે.
- અંતમાં કોઈપણ કાર્ય સહકાર વિના સફળ થતુ નથી. આપ સૌની અપેક્ષા પરી પૂર્ણ થાય તેવી શ્રી પાટીદાર સેવા સમાજ, મુંબઈ આશા રાખે છે.

ધન્યવાદ..... આભાર.....

લી.

**શ્રી પાટીદાર સેવા સમાજ મુંબઈ**

સગપણ માહિતી સમિતિ

# SHRI PATIDAR SEVA SAMAJ

TRUST REGD. NO. A-2689 (BOM) DT. 25-11-1964 REGISTERED UNDER BOMBAY PUBLIC ACT 1950

Sant Gyaneshwar Road, Veer Savarkar Nagar, Opp. S.T. Depot, Near Nancy Colony, Borivali (E),
Mumbai - 400 066. • Mob.: 9321907770 • Email : borivali@skpss.org

અનુ.નં.: ..............

સંચાલિત

## સગપણ માહિતી ફોર્મ

૦૧. ઉમેદવારનું પુરૂ નામઃ ..............................

હાલનું સરનામુંઃ ..............................

..............................

મો.નં. .............................. ઈ-મેલઃ ..............................

૦૨. મુળ વતન .............................. તાલુકો : .............................. જીલ્લોઃ ..............................

૦૩. જન્મ તારીખઃ .............................. જન્મ સ્થળઃ .............................. જન્મ સમય : ..............................

૦૪. ઉંમર વર્ષ .......... માસ .......... ઉંચાઈ .......... ફુટ .......... ઈંચ .......... વજન .......... કિલો ..........

૦૫. વાન .............................. ચશ્મા- લેન્સ : નથી / છે. નંબર : ..............................

૦૬. અભ્યાસઃ .............................. માધ્યમ : .............................. (ગુજરાતી/અંગ્રેજી)

૦૭. ઉમેદવારનો વ્યવસાય .............................. નોકરી / ધંધો .............................. હોદોઃ ..............................

૦૮. ઉમેદવારનું વ્યવસાયનું સરનામુઃ ..............................

..............................

ઓફિસ ટીલીફોન નં. .............................. ઓફિસ ઈમેલ : ..............................

૦૯. વૈવાહિક દરજ્જો : .............................. (કુંવારા / છુટાછેડા / વિધુર / વ્યકતા) ..............................

(લાગુ ના પડતું છેકી નાખવું તથા વિશેષ માહિતી હોય તો લખવી ..............................

૧૦. શારીરીક ક્ષતિ છે ? .............................. (હા / ના) કયા પ્રકારની ક્ષતિ છે : ..............................

૧૧. પિતાશ્રીનું પુરૂ નામ : .............................. માતાશ્રીનુ નામ : ..............................

૧૨. ઘરનું સરનામું : ..............................

.............................. મોબાઈલ નં.: ..............................

૧૩. મોસાળના વડીલનું નામ : ..............................

મોસાળનું ગામ : .............................. તાલુકોઃ .............................. જીલ્લો : ..............................

૧૪. જન્માક્ષરમાં માનો છો ? (હા) .............................. (ના) ..............................

૧૫. લગ્ન સાથી વિશે ઉમેદવારની પસંદગી / વિચારોઃ ..............................

પસંદગી : .......... મુંબઈ .......... બહારગામ .......... અન્ય સ્થળઃ ..............................

૧૬. આપના કુટુંબ વિશે વધારાની માહિતી : ..............................

..............................

ભાઈ : .............................. (પરણીત / અપરણીત) .............................. બહેન : .............................. (પરણીત/ અપરણીત) ..............................

૧૭. નિકટના બે જાણીતા સગા-સંબંધી જે તમારી માહિતી આપી શકે.

૧) પુરૂ નામ : ............................................................ મોબાઈલ નં. ....................................

સરનામું: ..........................................................................................................

૨) પુરૂ નામ : ............................................................ મોબાઈલ નં. ....................................

સરનામું: ..........................................................................................................

૧૮. અન્ય માહિતી : ...................................................................................................

ફોર્મ માં જણાવેલી તમામ વિગતો સત્ય છે. તેની અમો ખાત્રી આપીએ છીએ.

વાલી / પિતાની સહી ............................................ ઉમેદવારની સહી ........................................

## નિયમો તથા સૂચનો

૧) આ માહિતી મેળવવાનો ઉદ્દેશ લગ્નોત્સુક યુવક/યુવતીની માહિતી સમસ્ત જ્ઞાતિ પરિવારોને મળી શકે તે માટે જ છે.

૨) ફોર્મમાં માંગેલી બધીજ વિગતો લખવી જરૂરી છે. ફોર્મમાં જે વિગત લાગુ પડતી ન હોય તે છેકી નાખવી, ફોર્મમાં પાસપોર્ટ સાઈઝ નો ફોટો ચિટકાવવો. અને સાથે આધાર કાર્ડની કોપી જોડવી.

૩) એકવીસ (૨૧) વર્ષ કે તેથી વધુ ઉંમરના યુવક/યુવતિએ જ માહિતી ફોર્મ ભરવું.

૪) આપના કુટુંબમાં એક કરતા વધારે ૨૧ વર્ષ કે તેથી મોટી ઉંમરના યુવક/યુવતી કે ઉમેદવાર હોય તો આ ફોર્મની ઝેરોક્ષ કરી ભરી મોકલશો. વિશેષ માહિતી માટે જરૂર પડયે આપ ફોર્મ સાથે બીજા કાગળમાં માહિતી લખી ફોર્મ સાથે મોકલવી.

૫) બુકલેટમાંથી મેળવેલી માહિતી ખાનગી રાખવી તથા તેને જાહેર ચર્ચામાં સ્થાન આપવું નહિ.

૬) બહારગામ વસતા આપણા જ્ઞાતિભાઈઓ પણ આ ફોર્મ ભરીને મોકલી શકે છે. તેઓ એ મુંબઈમાં સંપર્ક માટે નામ, સરનામું તથા ફોન નંબર વિ. વિગત જણાવવી જરૂરી છે.

૬) સગપણ થઈ ગયા પછી સમાજે રેકોર્ડ માટે અઠવાડીયાની અંદર સમાજની ઓફિસે જાણ કરવી જરૂરી છે.

૯) વિશેષ માહિતી માટે સમાજના સગપણ માહિતી સમિતિના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવો.

## યુવક / યુવતી તથા પિતા / માતા / વાલીનું જાહેરનામું

આ ફોર્મમાં ભરેલી વિગતો યુવક-યુવતીના વેવીશાળના કાર્ય માટે, અન્ય કોઈપણ કુટુંબને આપવાની સંપૂર્ણ સત્તા સમાજને આપીએ છીએ. સમાજ તરફથી યુવક/યુવતીઓનાં જે ઠેકાણાં અમને આપવામાં આવશે તેની પૂરી તપાસ અમે કરીશુ અને તે માટેની સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે. પાટીદાર સમાજ મુંબઈ કે તેના કોઈપણ કાર્યકર્તાની કોઈપણ પ્રકારની જવાબદારી નથી તેની અમોને પૂરેપૂરી ખબર છે. સમાજની મદદથી સગપણ થશે તો તે સગપણ અંગે સંપૂર્ણ જવાબદારી અમારી પોતાની રહેશે. અને તેના કાર્યકર્તાઓ ફક્ત સેવા ભાવનાથી સગપણ માહિતી કેન્દ્ર ચલાવે છે તેથી અમો સમાજ અને તેના કાર્યકર્તાઓને સંપૂર્ણ સહયોગ આપીશું. ફોર્મમાં જણાવેલ માહિતી સાચી છે તેની અમો ખાત્રી આપીએ છીએ. કેન્દ્રના નિયમોનું પાલન કરવા અમો વચનબદ્ધ છીએ.

યુવક/યુવતી ની સહી

પિતા/માતા/વાલીની સહી